# આણંદ કૃષિ યુનિવર્સિટી

## આણંદ-૩૮૮ ૧૧૦

## !! પરિપત્ર !!

યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ-યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, કોન્ફરન્સ, સેમિનાર, વર્કશોપ, સીમ્પોઝીયમ, એક્ઝીબીશન, ટ્રેનીંગ, મીટીંગ તેમજ યુનિવર્સિટીના કામકાજ અર્થે બહાર જવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે આગોતર સ્ટેચ્યુટરી જોગવાઇ અનુસાર સક્ષમ અધિકારીશ્રીની ભલામણ/ મંજૂરી લેવાની હોય છે.

આ અંગે ઓનલાઇન ટુર પ્રોગ્રામ તૈયાર કરવા માટે નિયામકશ્રી, ઇન્ફોર્મેશન ટેક્નોલોજીને કામગીરી સોંપવામાં આવતા તેઓ તરફથી તમામ કર્મચારી/અધિકારીઓની માહિતી મેળવીને ઓનલાઇન ટુર પ્રોગ્રામની કામગીરી માટે તમામના ઇ-મેલ આઇ.ડી. ખોલી આપેલ છે. આમ ઓનલાઇન ટુર પ્રોગ્રામ તૈયાર કરવામાં આવેલ હોઇ, આ પરિપત્ર જારી કર્યા તારીખ પછી જે કર્મચારી/અધિકારીઓને પ્રવાસમાં જવાનું થાય ત્યારે સક્ષમ અધિકારીશ્રીની મંજૂરી ઓનલાઇન ટુર પ્રોગ્રામ દ્વારા જ મેળવવાની રહેશે. પત્ર દ્વારા મંજૂરી માટે મોકલવામાં આવેલ દરખાસ્ત ધ્યાને લેવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેશો.

પ્રસ્તુત પરિપત્ર માન.કુલપતિશ્રીની મંજૂરીથી યુનિવર્સિટીના કામકાજના હિતમાં જારી કરવામાં આવે છે, જેનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

નં. આકૃયુ/રજી/એડીએમ-૩/ /૧૪

તા. -૧૧-૨૦૧૪

કુલસચિવ

નકલ સવિનય રવાના:

૧. તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ.

૨. તમામ યુનિટ/સબ-યુનિટ અધિકારીશ્રીઓ તરફ.

૩. નિયામકશ્રી, ઇન્ફોર્મેશન ટેક્નોલોજી, આ.કૃ.યુ., આણંદ તરફ એએયુની વેબસાઇટ પર મૂકવા સારૂ.

૪. કુલપતિશ્રીના રહસ્યસચિવ, આ..કૃ.યુ., આણંદ